**શહેરના જાણીતા વેપારી અગ્રણી**

# જયાતિન્દ્ર વ્યાસનુ ટુંકી માંદગી બાદ દુઃખદ અવસાન

**મુંબઇમાં સારવાર દરમિયાન બ્રેઇન સ્ટ્રોકના હુમલાથી દુખદ અવસાન થયુ : કલ્ચરલ ફોરમના પુર્વ પ્રમુખના અવસાનથી ફોરમના સભ્યો તેમજ વેપારીઆલમમાં ઘેરા શોકની લાગણી : આજે સવારે ૯ કલાકે સે-૨ સ્થિત તેમના નિવાસ સ્થાનેથી અંતિમ યાત્રા**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમના પુર્વ પ્રમુખ તેમજ શહેરના જાણીતા અગ્રણી વેપારી જયોતિન્દ્ર વ્યાસનુ આજે ટુંકી માંદગીના અંતે દુઃખદ અવસાન થયુ છે. મુંબઈમાં સારવાર લઈ રહેલા જયોતિન્દ્ર વ્યાસને આજે બ્રેઈન સ્ટ્રોકનો હુમલો આવતા ૬૭ વર્ષની વયે તેમનુ અવસાન થયુ છે. તેમના અવસાનથી કલ્ચરલ ફોરમના પદાધિકારીઓ અને સભ્યો, વેપારીઓ ઉપરાંત નગરજનોમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. સદગતની અંતિમયાત્રા સવારે ૯ કલાકે તેમના સે-૨/એ સ્થિત નિવાસ સ્થાનેથી નિકળશે.



ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમના સ્થાપક ઉપપ્રમુખ તેમજ પુર્વ પ્રમુખ અને નગરના જાણીતા અગ્રણી વેપારી પૂજા પાર્લરના માલિક જયોતિન્દ્ર વ્યાસનુ આજે ટુંકી માંદગીના અંતે અવસાન થતા શહેરીજનો તેમજ વેપારીઆલમમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. જયોતિન્દ્રભાઈ ગાંધીનગર ડીસ્ટ્રીકટ શોપિંગ એસોસિએશનના પણ પ્રમુખ તરીકે ઉમદા સેવા આપી ચુકયા છે. ગાંધીનગરના સ્થાપના કાળથી વેપાર ધંધા સાથે સંકળાયેલ નગરના અગ્રણી જયાતિન્દ્રભાઈએ શહેરમાં સે-૧૬ ખાતે શ્રધ્ધા ડાઈનીંગ હોલ શરૂ કર્યો હતો. ત્યારબાદ સે-૨૧માં પુજા પાર્લર શરૂ કર્યુ હતુ. પુજાના ઢોકળા શહેરમાં જ નહીં પરંતુ દેશ વિદેશમાં બે મોઢે વખણાય છે. જેનો શ્રેય જયોતિન્દ્રભાઈને જાય છે. સે-૨૧ ડીસ્ટ્રીકટ શોપીંગના વિકાસમાં પણ તેમનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. શહેરના અગ્રણી વેપારી જયોતિન્દ્રભાઈ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. જયારે આજે મુંબઈ ખાતે ટુંકી માંદગીના અંતે તેમનુ અવસાન થયુ હતુ. તેમના પત્ની મયુરીબેન, પુત્ર કૃણાલ, પુત્રવધુ પુર્વીને વિલાપ કરતા મુકી ગયા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ સાથે વર્ષો સંકળાયેલા જયોતિન્દ્રભાઈની અણધારી વિદાયથી કલ્ચરલ ફોરમના પદાધિકારીઓ, કમિટીના સભ્યોમાં પણ ઘેરા શોકની લાગણી વ્યાપી છે. સદગતની અંતિમયાત્રા તા ૧૯ જુનના રોજ સવારે ૯ કલાકે સે-૨ એ સ્થિત નિવાસ સ્થાન પ્લોટ નં - ૧૨/સી ખાતેથી નિકળશે.

# શહેરમાં મેઘરાજાની મહેર

**અડધા ઇંચ વરસાદથી પાણી ભરાયા : જિલ્લામાં દહેગામ તાલુકામાં સૌથી વધુ ૨ ઇંચ વરસાદ : કલોલ અને માણસામાં પણ એક થી દોઢ ઇંચ વરસાદ વરસ્યો વરસાદી ભીંજારાથી ઠંડક પ્રસરી : જનજીવન પ્રભાવિત**





ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં આજે સવારથી જ વરસાદી વાતાવરણ નિખર્યુ હતુ. આકાશમાં ગોરંભાયેલા વાદળો ધોધમાર વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદના ભારે ઝાપટાના લીધે સેકટરોની શેરીઓમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો થયો હતો. દિવસ દરમિયાન શહેરમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે જિલ્લામાં સૌથી વધુ વરસાદ દહેગામ તાલુકામાં ૨ ઈંચ થયો હતો. કલોલ અને માણસા તાલુકામાં પણ એક થી દોઢ ઈંચ વરસાદ ખાબકયો હતો.

ગાંધીનગરમાં આજે સવારથી જ મેઘરાજા મહેરબાન થયા હતા.સવારે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા. જયારે પલવારમાં જ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. શહેરમાં વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. પરંતુ શહેરમાં વરસાદનુ ઝાપટુ વરસ્યા બાદ મેઘરાજા અદ્રશ્ય થઈ ગયા હતા. જયારે જિલ્લામાં અન્ય ઠેકાણે ધોધમાર વરસાદના લીધે જળબંબાકાર થયુ હતુ. ગાંધીનગર શહેરમાં માત્ર ૧૫ મી મી વરસાદ વરસ્યો હતો. જો કે નગરના જુના નવા સેકટરોમાં વરસાદી ઝાપટાના લીધે પાણી ભરાઈ ગયા હતા. વરસાદના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. સેકટરોમાં પણ કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડ્યુ હતુ. કેટલાક ઠેકાણે નિચાણવાળા વિસ્તારમાં પાણીનો ભરાવો વધુ થયો હતો.

બીજીતરફ શહેર સિવાય જિલ્લાના અન્ય વિસ્તારમાં મેઘરાજા મહેરબાન થયા હતા. આજે દહેગામ તાલુકામાં સૌથી વધુ ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. જયારે કલોલમાં દોઢ ઈંચ માણસામાં એક ઈંચ વરસાદ થયો હતો. જયારે ગાંધીનગર તાલુકામાં સૌથી ઓછો માત્ર ૬ મી મી વરસાદ નોંધાયો છે. સાંજ સુધી ચારેય તાલુકામાં વરસાદ સૌથી વધુ દહેગામ તાલુકામાં થયો હતો. વરસાદી સવાર બાદ બપોરના સમયે ઉઘાડ નિકળ્યો હતો. શહેરમાં વરસાદી વાયરાથી ઠંડક પ્રવર્તી હતી. જયારે સાંજના સમયે આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. દિવસ દરમિયાન છુટાછવાયા વરસાદી છાંટણા વરસતા રહ્યા હતા. વરસાદના લીધે ભીંજારાની સ્થિતિ વચ્ચે જનજીવન પ્રભાવિત થયુ હતુ. સાંજના સમયે પણ વરસાદી નઝારો નિખર્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો એક ઈંચ જેટલો વરસાદ થયો છે. આજે વાતાવરણ પલ્ટાના અંતે પણ મહત્તમ તાપમાન ૩૮.૬ ડીગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રી નોંધાયુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૭૯ ટકા તેમજ સાંજે સૌથી વધુ ૯૭ ટકા નોંધાયુ હતુ.

# જિલ્લામાં ખરીફ વાવેતર ૧૩ હજાર હેકટર કરતાં વધુ થયુ

**શાકભાજી, ઘાસચારો અને કપાસ તેમજ મગફળીનું વાવેતર નોંધાયુ છે : આગામી દિવસોમાં વધશે**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદના આગમનની સાથે જ ખરીફ ઋતુના વાવેતરમાં વધારો થવા પામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩,૧૯૯ હેકટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થઈ ગયુ છે. આ સપ્તાહમાં આ વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોનુ માનવુ છે.

જિલ્લામાં આ વખતે કપાસનું વાવેતર જે ધીમુ હતુ તેમાં અને મગફળીના વાવેતરમાં વેગ આવશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં આ વખતે વૃદ્ધિ નોંધાશે તેવુ ખેડૂત આગેવાનો સાથેની વાતચીતમાંથી ફલિત થઈ રહ્યુ છે. શાકભાજીના પાકો રોકડિયો પાક ગણાતા હોવાથી ખેડૂતો આ માટે ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ નોંધાયો

**કલોલમાં અત્યાર સુધીમાં છ ઈંચ વરસાદ નોંધાયો તો માણસામાં સાડા ત્રણ ઇંચ વરસાદ નોંધાયો : ગાંધીનગરમાં સૌથી ઓછો વરસાદ : દહેગામમાં પણ ૧॥ ઈંચ વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૮

વાયુ વાવાઝોડાની અસરના કારણે આજે જિલ્લામાં સર્વત્ર વરસાદ થયો છે. ધીમીધારે થયેલા આ વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લાના કલોલ તાલુકામાં સિઝનનો છ ઈંચ કરતાં પણ વધુ વરસાદ થઈ ગયો છે તો માણસામાં ત્રણ ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. દહેગામમાં સિઝનનો ૧॥ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે જ્યારે ગાંધીનગરમાં અડધો ઈંચ જ વરસાદ નોંધાયો છે. જોકે વિધિવત ચોમાસાના આગમનની ખેડૂતો રાહ જોઈ રહ્યા છે.

જિલ્લામાં આજે પણ સર્વત્ર વરસાદ નોંધાયો છે જેમાં સૌથી વધુ કલોલમાં ૪૦ મી.મી., માણસામાં ૨૫ મી.મી., દહેગામમાં ૧૨ મી.મી. અને ગાંધીનગરમાં ૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

વાયુ વાવાઝોડાના કારણે સર્જાયેલા હળવા દબાણને પગલે આજે સવારથી જ ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં પવનના સુસવાટાઓ સાથે ધીમો વરસાદ આરંભાયો હતો. કલોલ અને માણસામાં બપોરથી વરસાદ શરૂ થયો હતો.

આજે થયેલા વરસાદને પગલે જિલ્લામાં ખરીફ સીઝનના વાવેતરમાં વધુ વેગ આવશે તેમ કૃષિ તંત્રના સૂત્રોનું માનવુ છે. આ વરસાદને પગલે જમીનમાં ભેજનો સંગ્રહ પણ જોવા મળી રહ્યો છે. જે પાકના ઉગાવા માટે ખુબજ જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓ કચેરીએ ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ ૨૮ લાખનો દંડ વસુલ્યો

**દહેગામ, બાયડ, અડાલજ, ચિલોડા વાવોલ સહીતના વિસ્તારમાં વાહન ચાલકો પાસેથી દંડ વસુલી કરી**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીના ઈન્સપેકટરો દ્વારા દહેગામ બાયડ , અડાલજ તેમજ ગાંધીનગર સહીતના વિસ્તારમાં વાહન ચેકીંગ કરીને ટ્રાફિક નિયમનના ભંગ બદલ રૂ ૨૮ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીના અધિકારીઓ દ્વારા ચિલોડા, અડાલજ, દહેગામ, બાયડના માર્ગો પર રાત દિવસ વાહન ચેકીંગ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઓવરલોડથી માંડી ટેકસ ન ચુકવ્યા હોય તેવા પરમીટ અને ફીટનેશ વગરના તથા અન્ય આર ટીઓના નિયમોનુ ઉલ્લંઘન કરતા વાહનના માલિકો વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અન્વયે કુલ ૧ હજાર જેટલા મેમો આપીને રૂ ૨૮ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સમગ્ર રાજયમાં તા ૮ મે થી ૧૧ જુન સુધી આર ટી ઓ દ્વારા રાઉન્ડ ધી કલોક ચેકીંગની ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ દરમિયાન આર ટી ઓના નિયમોનો ભંગ કરીને વાહન ચલાવતા સેંકડો વાહન માલિકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. ગાંધીનગર જિલ્લામાં અડાલજ ,ચિલોડા ,વાવોલ, પુન્દ્રાસણ , દહેગામ ,બાયડ ચાર રસ્તા પર ગાંધીનગર આર ટી ઓના ચાર ઈન્સપેકટર એસ જે મલેક, સી સી વોરા, એન એલ બાર તથા એન આર પટેલ દ્વારા રાત દિવસ ૧૨ કલાકની ફરજ દરમિયાન આ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અન્વયે નિયમ વિરુધ્ધ વાહન ચલાવતા ૧૫૦ થી વધુ વાહનોને આર ટી ઓ દ્વારા ડીટેઈન કરાયા હતા. ઓવરલોડ , ટેકસ રીકવરી , ફીટનેશ તેમજ પરમીટ વગરના આર ટી ઓના અન્ય નિયમોનો ભંગ કરતા હોય તેવા વાહનમાલિકોને પણ દંડ ફટકારવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં એક મહીના દરમિયાન કુલ ૧૦૫૦ વાહન માલિકોને આ રાઉન્ડ ધ કલોક ચેકિંગ દરમિયાન વિવિધ ગુન્હા અન્વયે મેમો અપાયા હતા. આ અન્વયે આર ટી ઓ કચેરીએ રૂ ૨૮ લાખથી પણ વધુ આવક મેળવી છે.



પાંચમા વિશ્વ યોગ દિવસની થીમ છે હૃદય : ૨૧મી જૂન એટલે વિશ્વ યોગ દિવસ અને આ વખતના વિશ્વ યોગ દિવસની થીમ છે હૃદય. વિશ્વ આરોગ્ય સંસ્થાનું એલર્ટ છે કે, ૨૦૩૦ સુધીમાં દર બે વ્યકતિએ એક વ્યક્તિ હષ્ઠઙ્ઘ કે જેને બિનચેપી રોગ કહેવાય છે, તેનાથી પીડાતું હશે અને તેમાં હૃદયરોગ મુખ્ય હશે. હૃદય આપણા શરીરમાં ૨૪૮૭ કામ કરતું અને સૌથી વધારે સંવેદનશીલ અવયવ છે. જ્યારે પણ કોઈ દુઃખદ ઘટના બને, માણસમાં હોય તનાવમાં હોય, વધારે ગુસ્સો કરે તો તેની સીધી અસર હૃદય પર પડે છે જેમકે હૃદયના ધબકારા વધી જાય ,બીપી વધી જાય, હૃદયરોગનો હુમલો થાય. તો હૃદયને સ્વસ્થ રાખવું હોય તો શરીરની સાથે મન પર પણ કામ કરવું પડશે અને મન પર કામ કરવું હોય તો શ્વાસ પર નિયંત્રણ કરવું જરૂરી છે અને તેના માટે નિયમિત યોગ કરવા એક શ્રેષ્ઠ રસ્તો છે. ગાંધીનગર શહેરના નાગરિકો માટે સ્વર્ણિમ પાર્ક ખાતે તા. ૨૦મી જૂન, ૨૦૧૯ સુધી નિશુલ્ક યોગની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ વર્ગો નિયમિત સવારના ૬.૩૦ કલાકે શરૂ થઈ જાય છે. આ તાલીમ વર્ગમાં તાલીમ લીધા બાદ કોઈ પણ વ્યક્તિ નિયમિત રીતે યોગને જીવનમાં અપનાવી શકે છે.

# શહેરમાં ટયુશનિયા શિક્ષકો સામે તપાસ કરવા બે ટીમ

**અમારી શાળાના શિક્ષકો ટયુશન કરતા નથી.. નોટીસ બોર્ડ પર દર્શાવાનુ રહેશે : ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોએ ટયુશન નહી કરતા હોવાનુ બાંહેધરી પત્ર આપવુ પડશે : આચાર્યએ રજીસ્ટર પણ રાખવુ પડશે**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં ટયુશનિયા શિક્ષકો સામે શિક્ષણતંત્રએ લાલ આંખ કરી છે. ટયુશનિયા શિક્ષકો સામે તપાસ કરવા માટે જિલ્લા શિક્ષણતંત્રએ બે ટીમ બનાવી છે. જયારે શાળાઓમાં પણ શિક્ષકો ટયુશન કરતા ન હોવાનુ નોટીસ બોર્ડ પર દર્શાવાનુ રહેશે. જયારે આચાર્યોએ પણ શિક્ષકોનુ બાંહેધરી પત્ર મેળવી રજીસ્ટર રાખવુ પડશે.

ગાંધીનગર શહેરની શાળાઓના શિક્ષકો ટયુશન કરતા હોવાની ફરિયાદ પ્રકાશમાં આવ્યા બાદ જિલ્લા શિક્ષણતંત્ર આ મામલે સફાળુ જાગ્યુ છે. એન એસ યુ આઈ ની રજુઆતના અંતે વિવિધ શાળાના ૨૫ જેટલા શિક્ષકોની સામે પણ તપાસ કરવામાં આવશે. જયારે ટયુશન અંગે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ પણ હવ દરેક શાળાએ નોટીસ બોર્ડ પર વંચાય તે મુજબ અમારી શાળાના શિક્ષકો ટયુશન કરતા નથી તેવુ બોર્ડ પણ મુકવાનુ રહેશે. જયારે ટયુશનિયા શિક્ષકોને ડામવા માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તપાસ પણ કરવામાં આવશે. ફરિયાદના દાયરામાં સમાવિષ્ટ અંદાજિત ૨૫ જેટલા શિક્ષકો સામે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com